Monday
01.09.2025
*Volume :10 * Issue No.52
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત    વંદે માતરમ્    RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીની ચીનના રાષ્ટ્રપતિ શ્રી જિનપિંગ સાથે દ્વિપક્ષીય મુલાકાત

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) લીડર્સસમિટ દરમિયાન પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના રાષ્ટ્રપતિ શ્રી શીજિનપિંગને મળ્યા હતા. બંને નેતાઓએ ઓક્ટોબર



કમલમ્,

અમદાવાદના ઘાટલોડિયા વોર્ડમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું. વૃક્ષોપર્યાવરણ અને વાતાવરણ શુદ્ધિ માટે મહત્વનો ભાગ ભજવે છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ 'એક પેડ મા કે નામ' માતાના નામે એક વૃક્ષ વાવવાના સંકલ્પથી શરૂ થયેલ ઘનિષ્ઠ વૃક્ષારોપણ અભિયાનમાં ઘાટલોડિયા વોર્ડમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આયુષ્માન વનમાં આ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર શ્રીજર્તીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, ધારાસભ્ય શ્રી બાબુભાઈપટેલ, અનેઅમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી બંછાનિધિપાની સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.



૨૦૨૪માં કઝાનમાંતેમની છેલ્લી મુલાકાત પછી દ્વિપક્ષીય સંબંધોમાં સકારાત્મક ગતિ અને સતત પ્રગતિનું સ્વાગત કર્યું હતું. તેમણે ભાર મૂક્યો કે બંને દેશો વિકાસમાં ભાગીદાર છે, હરીફ નહીં અને તેમના મતભેદો વિવાદમાં ન ફેરવવાજોઈએ. ભારતઅને ચીન અને તેમના ૨.૮ અબજ લોકો વચ્ચે પરસ્પર આદર, પરસ્પર હિત અને પરસ્પર સંવેદનશીલતા પર આધારિત સ્થિર સંબંધ અને સહયોગ, બંને દેશોની પ્રગતિ અને વિકાસ માટે તેમજ ૨૧મી સદીના વલણોને ધ્યાનમાં રાખીને બહુધ્રુવીય વિશ્વ અને બહુધ્રુવીય એશિયા માટે જરૂરી છે. પ્રધાનમંત્રીએ દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિના મહત્વ પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓએ ગયા વર્ષે સૈનિકોની સફળતાપૂર્વક વાપસી અને ત્યારથી સરહદી વિસ્તારોમાં શાંતિ અને સોહાર્દ રાખવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે તેમના એકંદર દ્વિપક્ષીય સંબંધોના રાજકીય સંદર્ભમાં અને બંને દેશોના લોકોના લાંબા ગાળાના હિતોને ધ્યાનમાં રાખીને સીમા પ્રશ્નના નિષ્પક્ષ, વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ માટે પ્રતિબદ્ધતાવ્યક્ત કરીહતી. તેમણે આ મહિનાની શરૂઆતમાં બંને ખાસ પ્રતિનિધિઓ દ્વારા તેમની વાતચીતમાં લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયોનેમાન્યતા આપી અને તેમના પ્રયાસોને વધુ સમર્થન આપવા સંમત થયા હતા. બંને નેતાઓએ કૈલાશ માનસરોવર યાત્રા માટે સીધી ફ્લાઈટ્સ અને વિઝા સુવિધા અને પ્રવાસી વિઝા પુન:સ્થાપિત કરીને લોકોથી લોકોના સંબંધોને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આર્થિક અને વેપાર સંબંધોના સંદર્ભમાંતેમણે વિશ્વવેપારને સ્થિર કરવામાં બંનેઅર્થતંત્રોની ભૂમિકાને સ્વીકારી હતી. તેમણે દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને વિસ્તૃત કરવા અનેવેપાર ખાધઘટાડવા માટે રાજકીય અને વ્યૂહાત્મક દિશામાં આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ભારત અને ચીન બંને વ્યૂહાત્મકસ્વાયત્તતાઈચ્છે છે અને તેમના સંબંધોને કોઈપણ ત્રીજા દેશના દ્રષ્ટિકોણથી જોવું જોઈએ નહીં. બંને નેતાઓએ દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અને બહુપક્ષીય મંચો પર આતંકવાદ અને વાજબી વેપાર જેવા પડકારો પર સામાન્ય જમીનનો વિસ્તાર કરવાનીજરૂર પણ અનુભવીહતી. પ્રધાનમંત્રીએ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના ચીનના અધ્યક્ષપદ અને તિયાનજિનમાં આગામી શિખર સંમેલન માટે સમર્થન વ્યક્ત કર્યું હતું. તેમણે રાષ્ટ્રપતિશ્રી જિનપિંગને ૨૦૨૬માંભારતદ્વારા આયોજિત બ્રિક્સ સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ પણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ શી જિનપિંગે આમંત્રણ બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો અને ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ માટેચીનના સમર્થનની ઓફર કરી હતી. પ્રધાનમંત્રીએ ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના પોલિટબ્યુરોની સ્થાયી સમિતિના સભ્ય શ્રી કે કી સાથે પણ મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ શ્રી કી સાથે દ્વિપક્ષીય સંબંધો માટેનો તેમનો દ્રષ્ટિકોણ શેર કર્યો અને બંને નેતાઓના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં તેમનો ટેકો માંગ્યો હતો. શ્રી કીએ બંને નેતાઓવચ્ચે થયેલી સર્વસંમતિ અનુસાર દ્વિપક્ષીય આદાનપ્રદાનને વિસ્તૃતકરવા અને સંબંધોને વધુમજબૂત બનાવવાની ચીની પક્ષની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે AMC દ્વારા પુન:વિકસિત કરાયેલ 'સરદારબાગ'નું લોકાર્પણ કરાયું

### ૧૨ કરોડના ખર્ચે ૨૬૧૦૦ ચો.મી. વિસ્તારમાં પીપીપી ધોરણે સરદારબાગનું નવીનીકરણ કરાયું






કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પુન:વિકસિત કરાયેલ 'સરદારબાગ' નુંલોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવીનીકરણ કરાયેલ સરદારબાગની મુલાકાત પણ લીધી હતી અને તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરી નમન કર્યા હતા. શહેરના જમાલપુર વોર્ડમાં લાલદરવાજા સ્થિત 'સરદારબાગ'નું ૧૨ કરોડના ખર્ચે પીપીપી ધોરણે યુ. એન. મહેતા ફાઉન્ડેશન દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું છે. પુન:નિર્માણ કરાયેલા સરદારબાગની વિશેષતા વિશે વાત કરીએ તો, ૨૬૧૦૦ ચો.મી. વિસ્તારમાં તૈયાર કરાયેલ સરદારબાગમાં ૬૩૦ જેટલાવૃક્ષો અને ૭૨૦૦૦ જેટલા છોડ રોપવામાં આવ્યા છે. આ ઉપરાંત આકર્ષક એન્ટ્રીગેટ સાથે નયનરમ્યફાઉન્ટેન અનેસુંદર બેઠક વ્યવસ્થા, સાધનો સાથેઓપનજિમ એરિયા, લોન વાળો ઓપન યોગ એરિયા, બાળકો માટે રમતગમતના સાધનો તૈયાર કરવામાં આવ્યા છે. વધુમાં, વોકિંગ અને રનિંગ ટ્રેક, યુટિલિટી એરિયા, પીવાના પાણીની સુવિધા, વરસાદી પાણી જમીનમાં ઉતારવા પરક્વોલેશન વોલ અને રોઝ બેડ એરિયા સહિતના વિવિધ આકર્ષણોથીસભર સરદારબાગર તૈયાર કરાયો છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ટોરેન્ટ ગ્રૂપના ચેરમેન શ્રી સુધીરભાઈ મહેતા, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શહેરના ધારાસભ્ય શ્રીઓ, સ્ટે. કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિ.કમિશનર શ્રી બંછાનિધી પાની તથાકોર્પોરેશનના અધિકારી/ પદાધિકારીઓ અનેમોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ચાંદલોડિયા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરાવ્યું

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના ચાંદલોડિયા વોર્ડમાં ૩.૭૬ કરોડના ખર્ચે તૈયાર કરાયું અર્બન હેલ્થ સેન્ટર



કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મ્યુનિસિપલકોર્પોરેશનના ઉત્તરપશ્ચિમ ઝોનના ચાંદલોડિયા વોર્ડમાંઅર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરાવ્યું હતું. લોકાર્પણ બાદ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ચાંદલોડિયા(વંદે માતરમ)હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના ચાંદલોડિયા વોર્ડમાં ૩.૭૬ કરોડનાખર્ચે તૈયાર થયેલું અર્બન હેલ્થ સેન્ટર સ્થાનિકોનીઆરોગ્ય સંભાળ અને જન સુખાકારી ક્ષેત્રે મહત્વનું સેન્ટર સાબિત થશે. અર્બન હેલ્થ સેન્ટરમાં જનરલ મેડીકલ ઓ.પી.ડી. સેવાઓ, આયુષ્માન ભારત અંતર્ગત PM JAY કાર્ડ, આભા કાર્ડ, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, જનની સુરક્ષાયોજના સાથેસ્ત્રી રોગ અને બાળ રોગ સહિતની અન્ય તમામ આરોગ્ય વિષયક યોજનાની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે અર્બન હેલ્થ સેન્ટરના લોકાર્પણ પહેલા સંસ્થાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને સૌને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ઉપસ્થિત સ્થાનિકોનું અભિવાદન ઝીલ્યું હતું. અર્બનહેલ્થ સેન્ટરના લોકાર્પણ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબહેન જૈન, સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી દેવાંગભાઈ દાણી, અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશનના હોદેદારો, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ વગેરે ઉપસ્થિતરહ્યા હતા.

# અમદાવાદના ગોતા વોર્ડમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે નવનિર્મિત અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ

### ગોતા વિસ્તારના નાગરિકોને અર્બન હેલ્થ સેન્ટરમાં વિવિધ આરોગ્ય સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ થશે

કમલમ્,

અમદાવાદના ઉત્તર પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અંદાજીત રૂ. ૩.૮૪ કરોડના ખર્ચે નવનિર્મિત અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત અર્બન હેલ્થ સેન્ટરમાં જનરલ મેડીકલ ઓ.પી.ડી. સેવાઓ, આયુષ્માન ભારત અંતર્ગત PMJAY કાર્ડ, આભા કાર્ડ, પ્રાધાનમંત્રી માતૃવંદના યોજના, જનની સુરક્ષા યોજના સાથે અન્ય તમામ આરોગ્ય વિષયક યોજનાની સેવાઓ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, સ્ત્રી રોગના નિષ્ણાત (ગાયનેક) ડોકટર દ્વારા સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ તથા સ્ત્રી રોગનું નિદાન અને સારવાર તથા રેફરલ સેવાઓ, નવજાત શિશુ અને બાળકોની બાળરોગના નિષ્ણાત દ્વારા તપાસ, નિદાન, સારવાર અને રેફરલ સેવાઓ;સગર્ભા સ્ત્રીઓ તથા બાળકોના રસીકરણને લગતી સેવાઓ તથા પ્રસુતિ સેવાઓ અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના આરોગ્યલક્ષી કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં, આ અર્બન હેલ્થ સેન્ટર ખાતે તમામ ચેપી રોગોનુ વહેલું નિદાન, સારવાર અને રેફરલ સેવાઓ, બિન ચેપી રોગો બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કેન્સર વગેરે રોગીનું સ્ક્રીનીંગ અને રેફરલ સેવાઓ, સ્લમ અને નોન સ્લમ વિસ્તારમાં મમતા દિવસ અને માતૃબાળ કલ્યાણની સેવાઓ, લેબોરેટરીટેસ્ટની સેવાઓ, ફાર્મસી સ્ટોર અને દવાઓની ઉપલબ્ધતા, માનસિક રોગોની તપાસ અને સારવાર માટે માર્ગદર્શન, કાઉન્સિલીંગ સેવાઓ, વ્યસનમુક્તિ માટે વ્યસનમુક્તિ કેન્દ્રો સાથે રેફરલ સેવા, જન્મ-મરણ અને લગ્ન નોંધણી, યોગ દ્વારા શારીરિક અને માનસિકઆરોગ્યને પ્રોત્સાહન, ટેલીમેડીસીનથીનિષ્ણાંત ડોક્ટર દ્વારા આરોગ્ય સંબંધિત સેવાઓ અંગેજરૂરી માર્ગદર્શન જેવી સેવાઓ આ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઘરઆંગણે અને નિ:શુલ્ક ઉપલબ્ધબનશે. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, સાંસદ શ્રી નરહરિ અમીન અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



